For Private Circulation Only

# B.P.A.

# Quarterly Activities Report

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to Comprehensive Development of Persons With Disabilities

YEAR 2026 ▲VOLUME:I ▲ JANUARY - MARCH

(This Bulletin is available on website: www.bpaindia.org)

QUARTERLY ACTIVITIES REPORT

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## સમસારા કૌશલ્ય વિકાસ કેન્દ્ર અને હોસ્ટેલ ફોર ડિસેબલ સહયોગ




સમસારા સ્કિલીંગ સેન્ટર અને દિવ્યાંગ મહિલા હોસ્ટેલનો શિલાન્યાસ સમારોહ ફેબ્રુઆરી તા.26 ના રોજ યોજાયો હતો તેમાં સમસારા ગ્રુપના પ્રમુખશ્રી અને સી.ઈ.ઓ શ્રી મુકેશભાઈ ઓઝા ના નેતૃત્વમાં થયો હતો.

આ સમારોહમાં સમસારા ટીમના અગ્રણી સભ્યશ્રીઓ પૈકી શ્રી પંકજ મલ્હોત્રા મનુનાગ પાલ વિરલ પારેખ સુનિતા સરત અંજીતા મહેતા, શિલ્પા સુર્વે અને જાગૃતિ સિંહ મુખ્યત્વે હતા આ સમારોહમાં સમસારા ગ્રુપને સેન્ટર ના નામકરણ માટે પાંચ કરોડ રૂપિયાનો માતબર ફાળો આપી સહયોગ કર્યો છે જે કૌશલ્ય વિકાસ અને રહેઠાણ સુવિધાઓ દ્વારા દિવ્યાંગ સ્ત્રીઓને સશક્તિકરણ કરવાની તેની પ્રતિબધ્ધતા પર વિશેષ ભાર પ્રદાન કરે છે આ પ્રોજેક્ટ માટે વધારાનો સહયોગ ઝૈન ફાઉન્ડેશનના શ્રી નલીની પુરોહિતની એસ્ટેટ શ્રી જયસુખભાઈ મહેતા અને શ્રી સુરેન્દ્ર શેઠ સહિત ફ્લોર દાતાઓ દ્વારા ઉદારતાથી આપવામાં આવ્યો છે આ કેન્દ્રની કલ્પના એક પરિવર્તનશીલ જગ્યા તરીકે કરવામાં આવી છે જે વિકલાંગ મહિલાઓ માટે કૌશલ્ય તાલીમ, સલામત રહેઠાણ અને આર્થિક સ્વતંત્રતાના માર્ગો પુરા પાડશે તેમાં સમાવેશી ગૌરવ અને સશક્તિકરણ પ્રત્યેની સામુહિક પ્રતિબધ્ધતાને મજબૂત બનાવશે.

## રાધાકૃષ્ણ ડે કેર સેન્ટર વિજાપુર






વિજાપુરના રાધાકૃષ્ણ મંદિર ખાતે તા. 28 ફેબ્રુઆરી 2026 નાં રોજ રાધાકૃષ્ણ ડે કેર સેન્ટરનું ઉદઘાટન શ્રી સી.જે. ચાવડા, ધારાસભ્યશ્રી ગુજરાત વિધાનસભા અને શ્રી હરિભાઈ પટેલ સંસદ સભ્યશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટમાંથી દુષ્યંતભાઈ પટેલ અને તેઓની ટીમે બીપીએનાં પ્રમુખશ્રીને બીપીએ ડે કેર સેન્ટર શરૂ કરવા માટે જગ્યા દાનમાં આપી છે. આ સમયે બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ, ટ્રસ્ટી શ્રી ઉષાબેન પરીખ, જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભુષણ પુનાની, શ્રી રોહિતભાઈ શાહ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલબેન થાવાણી, ડેપ્યુટી ડાયરેક્ટર હેલ્થશ્રી ધર્મેન્દ્ર જૈના અને પદાધિકારીશ્રી ઉપસ્થિત રહ્યાં હતા. આ સેન્ટરમાં 35 ભૂલકાઓએ સેવાઓ મેળવવાનું શરૂ કર્યું છે. આ સેવાઓમાં ફિઝીયોથેરાપી સેન્ટર, એસેસમેન્ટ ડે કેર સેન્ટર છે.

## લુણાવાડા વિઝન સેન્ટર






સેવા ફાઉન્ડેશનના ઉદાર સહયોગથી શ્રી બાવન પાટીદાર સમાજ ઘર દ્વારા પૂરી પાડવામાં આવેલી જગ્યા સાથે બીપીએએ ગુજરાતનાં લુણાવાડા ખાતે 20 માં વિઝન સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ સેન્ટરમાં મુખ્યત્વે આંખની સારવાર પ્રાથમિક કક્ષાએ નિદાન કરવામાં આવશે જેમાં દ્રષ્ટિ તપાસ, રિફરેક્શન અને અદ્યતન સારવાર માટે રેફરલ સેવાઓ પ્રદાન કરવામાં આવશે તેથી લુણાવાડા અને આસપાસનાં અંતરિયાળ ગ્રામ્યજનોને તેઓનાં ઘરની આસપાસ આંખની સારવાર માટે ઉત્તમ સેવાઓ પ્રદાન થશે. આ સેન્ટરનાં સહયોગ માટે ટ્રસ્ટનાં શ્રી રમેશભાઈ આર પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જન્મદિન કીટ વિતરણ





દિવ્યાંગજનોના મસીહા ડૉ.શ્રી ભૂષણ પુનાનીના તા.3 જાન્યુઆરી 2026 ના જન્મદિનનો એક અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી કેમ્પસમાં 72 દિવ્યાંગજનોને વિવિધ સહાયક સાધનો આપવામાં આવ્યા હતા દિવ્યાંગનોના હિતાર્થે સતત તત્પર રહેતા ડો.ભૂષણ પુનાનીસરના જન્મદિનની ટ્રસ્ટી, ટ્રસ્ટીગણો તથા દિવ્યાંગજનોએ તેમનું જીવન તંદુરસ્તમય રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## દિવ્યાંગજનોના હિતાર્થે સ્કૂલ બસ દાનમાં આપી




ચાર્ટર કેપિટલ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડના શ્રી સાગર ભટ્ટ(પ્રમુખ), શ્રી નેવિલ શેઠ સીએસ, ચાર્ટર કેપિટલ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડના શ્રી જાવેદ સૈયદ (સી એફ ઓ) એ સી.એસ.આર હેઠળ બાવળા સ્થિત બી.પી.એ સંમિલિત વિદ્યાલયને દાનમાં આપેલી સ્કૂલ બસને લીલી ઝંડી આપી હતી. આ યોગદાન એકત્રીકરણ કરવા માટે બીપીએના ઉપપ્રમુખ શ્રી ક્ષિતિજભાઈ મનુભાઈ પટેલનો આભાર આ સમયે વ્યક્ત કર્યો હતો સાથે સાથે ચાર્ટર્ડ કેપિટલ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડના માલિકીશ્રી મોહિબ ખીરીયાનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

## સ્વરોજગાર કીટ વિતરણ

મહારાષ્ટ્રના સરહદી ગ્રામ્ય વિસ્તારના 103 દિવ્યાંગજનોને સ્વરોજગાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ કીટ તારીખ 10 જાન્યુઆરી 2026 ના રોજ સાગબારા પ્રાથમિક શાળા (સાગબારા), ડેડીયાપાડા ખાતે આયોજિત કરી હતી આ વિતરણ સમારોહમાં બ્લોક શિક્ષણ અધિકારી શ્રી તેમજ પંચાયત સભ્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ આદિવાસી વિસ્તારોમાં સંસાધનોની અછત છે ત્યારે ક્ષેત્રીય કાર્યકર્તાઓ આદિવાસી વિસ્તારોમાં પરિશ્રમ કરીને દિવ્યાંગજનો ને મદદ કરી રહ્યા છે આ કીટ વિતરણ સહયોગ પદ્મનાભ મફતલાલ ગ્રુપના નવીન ફ્લોરિનના નાણાકીય સહાયને કારણે સ્વરોજગાર કીટ શક્ય બની હતી.






## એવોર્ડ સન્માન



બીપીએના ભૂતપૂર્વ પ્રાથમિક આચાર્યશ્રી તેમજ એન એ બી ગુજરાત રાજ્યના સેક્રેટરી શ્રી તારક લુહારને તેઓને પંડિત સુખલાલજી એવોર્ડ તારીખ 25 જાન્યુઆરી 2026 ના રોજ અંધ મહિલા સેવા કુંજ સુરેન્દ્રનગર ખાતે એનાયત કરવામાં આવ્યો હતો.

## મહિલા દિવસે એવોર્ડ



8 માર્ચ 2026 ના રોજ મહિલા દિવસ નિમિત્તે મલ્હાર કોમ્પ્યુટર સેન્ટર દ્વારા શ્રી પંકજબાલા લુહારને અંધ મહિલાઓના શ્રેષ્ઠ કાર્ય માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## સહયાત્રી દ્વિતીય સંમેલન




રચના સંઘર્ષ અને જાગૃતિ કાર્યોના સહયાત્રીઓનું દ્વિતીય સ્નેહમિલન યોજાયું તેમાં ગુજરાતની અગ્રણી વિકાસ દ્વારા રાજ્યકક્ષાની ઈવેન્ટ સહયાત્રીઓમાં બીપીએ ના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી વિમલ થાવણીને સન્માનિત કર્યા હતા આ પ્રસંગે સ્વૈચ્છિક સંસ્થા બીપીએના ડો. ભૂષણ પુનાની અને ભૂતપૂર્વ આચાર્ય શ્રી જશુભાઈ કવિને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બેસ્ટ મેન્ટોર



સેન્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયા દ્વારા વોકેશનલ તાલીમ યુનિટના પ્રો. કો. ઓર્ડિનેટર શ્રી દીપા જોશીને બેસ્ટ મેન્ટોર એવોર્ડ તારીખ 12 માર્ચ 2026ના રોજ આપવામાં આવ્યો હતો.

## ઉષ્ટા-તે-ફાઉન્ડેશન એવોર્ડ



અમદાવાદ ખાતે દ્રષ્ટિહીન વિરલ દ્વિવેદીને ઉષ્ટા-તે ચેસ ચેમ્પિયનશિપમાં એવોર્ડ આપવામાં આવ્યો છે અમદાવાદમાં ઉષ્ટા-તે ફાઉન્ડેશન એક અગ્રણી સમુદાય સંગઠન છે જે નિયમિતપણે  પારસી જરથુસ્થી સમુદાયના સભ્યોને વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ માટે સન્માનિત કરવા માટે પુરસ્કારો અને સન્માન સમારોહનું આયોજન કરે છે મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મેહર મેડોરાના નેતૃત્વમાં ફાઉન્ડેશન સામાજિક સાંસ્કૃતિક અને ધાર્મિક ઉન્નતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે ફાઉન્ડેશને અંધત્વ ધરાવતા વ્યક્તિઓ માટે પણ એક ખાસ એવોર્ડની સ્થાપના કરી છે.

## ઉત્કૃષ્ટ સેવા એવોર્ડ



## સેવા પ્રદાન એવોર્ડ



તેરાપંથી સમાજ દ્વારા બીપીએના પબ્લિક રિલેશન ઓફિસર્સ શ્રીમતી શારદાબેન ખત્રીને તારીખ 7 માર્ચ 2026 ના રોજ તેમની ઉમદા સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## નારી રત્ન એવોર્ડ

બીપીએના વોલિએન્ટર્સશ્રી ઉપાસના ચાવડાને તારીખ 20 માર્ચ 2026 ના રોજ મંથન ફાઉન્ડેશન દ્વારા તેઓની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ એવોર્ડ આપવામાં આવ્યો હતો







અમદાવાદના  સૂર  શિવમ્ ઓડિટોરિયમ અને સ્ટુડિયો ખાતે પ્રતિષ્ઠિત "નારી રત્ન એવોર્ડ", થી સંગીતાબેન અજલપુરીયા સાવિત્રીબેન કાલમાં, નલીનીબેન રાવલને માર્ચ 2026 ના રોજ તેઓની દિવ્યાંગજનોને મદદરૂપ થવાના સમર્પણ માટે નારી રત્ન એવોર્ડ આપવામાં આવ્યો હતો











## ગાર્ડિયન એન્જલ એવોર્ડ

બીપીએ ના શિક્ષિકા શ્રી સોનલ માધાણી અને ધરતીબેન વ્યાસની સાથે બધીરાંધ ધરાવતી વિદ્યાર્થીની મહેશ્વરીને તારીખ 22 માર્ચ 2026 ના રોજ રાજકોટ ખાતે "ગાર્ડીયન એન્જલ" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો

## આઈ ડી બી આઈ દ્વારા વિતરણ





પચાસ હેન્ડિકા અને ઇ વી ટ્રાઇસિકલ અને પચાસ  બગલ ઘોડીનું વિતરણ IDBI દ્વારા આપવામાં આવેલા 20,32,723 ના સીએસઆર બદલ બીપીએ તેમનો આભાર વ્યક્ત કરે છે આ વિતરણમાં IDBI ના બેન્કના બેંક વરિષ્ઠ પદાધિકારીશ્રીઓમાં વેણુગોપાલ સી.જી.એમ. અને ઝોનલ હેડ શ્રી પ્રસૂન સિંહા જનરલ મેનેજર અને ડેપ્યુટી ઝો નલ હેડ શ્રી વિકાસ પંડિત જનરલ મેનેજર અને અન્ય પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને ધારાસભ્ય શ્રી અમિત ઠાકરના વરદ હસ્તે ટ્રાઈસિકલ આપવાનો આરંભ કરાવવામાં આવ્યો હતો આ પ્રસંગે તેઓએ આઇડીબીઆઇ બેન્કની સામાજિક  જવાબદારીની પહેલની પ્રશંસા કરી અને દિવ્યાંગજનોને સકારાત્મકતા, આર્થિક સ્વનિર્ભરતા અને સ્વતંત્રતા તરફ પ્રયત્નશીલ રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## ફોર્ડ દ્વારા ટ્રાઈસિકલ વિતરણ






બીપીએ સાણંદ અને નજીકના ગ્રામ્ય વિસ્તારોમાંથી દિવ્યાંગ વ્યક્તિઓને 25 ટ્રાઇસિકલ આપવામાં આવી હતી બીપીએ ને પરોપકાર પહેલ હેઠળ ફોર્ડ યુ.એસ.એ તરફથી પચાસ હજાર ડોલરની બે વર્ષની ગ્રાન્ટ મળી છે આ પ્રોજેક્ટ હેઠળ બીપીએ સાણંદની આસપાસના ગામડાઓમાં અંધત્વ નિવારણ સાથે 100 ટ્રાઇસિકલ અને 30 સ્વરોજગાર કીટનું વિતરણ કરવામાં આવશે ફોર્ડ મોટર્સ દિવ્યાંગ લાભાર્થીઓ એક અનેરો સેતુ રહ્યો છે ford મોટર્સના સભ્યો દ્વારા લાભાર્થીની ટ્રાયસિકલ ને લીલી ઝંડી  આપી હતી Ford ટીમના સ્ટાફને આ સાથે બીપીએ કેમ્પસમાં વિઝન ઇન ધ ડાર્ક ની મુલાકાત કરીને દ્રષ્ટિહિનો ની મુશ્કેલીઓને પડકારો પ્રત્યે વધુ સમજ અને સહાનુભૂતિ અંતર્ગત જાણકારી પ્રાપ્ત કરી હતી અને સાણંદ ક્ષેત્રમાં વધુને વધુ વિકલાંગ વ્યક્તિઓને સશક્તિકરણ માટે કરવામાં આવશે.

## ઓર્બીટ રિફ્રેશેબલ બ્રેઇલ ઉપકરણો





દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ બનવા માટે orbit રીફ્રેશેબલ  બ્રેઈલ ઉપકરણો પુરા પાડવા માટે બી ડી ઓ rice  દ્વારા રૂપિયા 14.21 લાખનું યોગદાન આપવામાં આવ્યું હતું આ યુનિટસ ઉપકરણોનું વિતરણ બાવીસ જાન્યુઆરી 2026 ના રોજ બીપીએ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીના 30 કર્મચારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સીએસઆર સહયોગ





બરોડા ગ્લોબલ શેર્ડ સર્વિસીસ લિમિટેડના સહયોગથી બી.પી.એ.ના દિવ્યાંગ વ્યક્તિઓ તેમજ દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓને સ્વરોજગાર કીટ અને ઓરબીટ રીફ્રેશેબલ બ્રેઈલ રીડર્સ તારીખ 16 જાન્યુઆરી 2026 ના રોજ વિતરણ કર્યું હતું આમ દિવ્યાંગ વ્યક્તિઓને સક્ષમ અને સશક્તિકરણ કરવામાં BGSS વર્ષોથી ટકાઉ આજીવિકા અને શૈક્ષણિક સહાય પહેલ માટે રૂપિયા 30 લાખથી વધુ રકમ મંજૂર કરી છે સ્વરોજગાર પહેલના ભાગરૂપે બીપીએ ચાર પેટી શોપ કીટ ત્રણ બ્યુટી પાર્લર કીટ, ચાર સીવણ મશીન, એક ચા બનાવવાની કીટ, એક ઓટોમોબાઇલ રીપેરીંગ કીટ અને એક મહિલા એસેસરીઝ કીટનું વિતરણ કર્યું. 14 જરૂરિયાતમંદ દિવ્યાંગજનોની વિશેષ કરીને દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓની ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ વધારવા માટે ચાર ઓરબીટ રીફ્રેશેબલ બ્રેઈલ રીડર પૂરા પાડવામાં આવ્યા હતા. આ વિતરણ કાર્યક્રમમાં બરોડા ગ્લોબલ શેર્ડ સર્વિસીસ લિમિટેડના એમ.ડી અને સી.ઓ સુમિત ચટ્ટા તેઓની ટીમ અને બીપીએના પદાધિકારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નું - વુ કોન્વેર કંપની દ્વારા દાન






બારેજા- બીપીએ પોરેચા આંખની હોસ્પિટલની મુલાકાતે નું - વુ કોનએર ના માલિકો શ્રીઅજય શાહ અને શ્રીમતી વૈભવી ટોટાલા તારીખ 5 ફેબ્રુઆરી 2026 ના રોજ આવ્યા હતા
તેઓએ કેરાટોપ્લાસ્ટિક ( કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ )ના ઓપરેશન કરાયેલ દર્દીઓને મળ્યા હતા કોર્નિયલ અંધત્વથી પીડાતા વ્યક્તિઓને દ્રષ્ટિ પાછી લાવવા માટે કોર્નીયલ ગ્રાફ્ટિંગ કરાવવા માટે પાંચ લાખ રૂપિયાનું દાન નું - વુ કોનએર કંપનીએ કર્યું હતું તેમજ તેઓએ 90 જરૂરિયાતમંદ દિવ્યાંગજનને શિષ્યવૃતિ આપવાનો સમારંભ 11 ફેબ્રુઆરી 2026નાં રોજ આયોજીત કર્યો હતો.

## લેપટોપ વિતરણ



સમગ્ર ગુજરાતમાંથી 50 દ્રષ્ટિબાધિતપ મહિલાઓને S And P Global દ્વારા તા. 14 માર્ચ 2026 ના રોજ લેપટોપનું વિતરણ કર્યું હતું જેઓએ બીપીએ તાન્યા કોમ્પ્યુટર સેન્ટરમાંથી તાલીમ પ્રાપ્ત કરી હતી.

## સાધન સહાય દાન






ટેલિસ્વિચગાર્ડના શ્રી પ્રશાંતભાઈ શાહે NATCB તાલીમ કેન્દ્ર દ્વારા ટ્રાઇસિકલ વ્હીલચેર તેમજ દિવ્યાંગનોના સહાયક સાધનોના રંગકામ તેમજ ઓવન ખરીદવા માટે રૂપિયા 7લાખનું દાન આપ્યુ હતું 25મી માર્ચ 2026 ના રોજ બીપીએ કેમ્પસમાં યોજાયેલ શુભારંભ સમારોહમાં તેમના પરિજનો અને મિત્રો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## ઉષા સિલાઈ મશીન વિતરણ



સિલાઈ કાર્યમાં તાલીમ પ્રાપ્ત 50 દિવ્યાંગ મહિલાઓને ઉષા સિલાઈ મશીનનું યુનિસન ફાર્મનાશ્રી નીતિનભાઈ શાહ દ્વારા એડલ્ટ ટ્રેનિંગ સેન્ટરને દાન કરવામાં આવ્યું હતું.

## ન્યુ વ્હીકલ દાન



બીપીએ ભુજ દ્વારા સંચાલિત ,ઉમેદ ડે કેર સેન્ટર, નલિયાને મુંબઈના દાતાશ્રી તુલસીભાઈ દામા અને પરિજનો દ્વારા 6.15 લાખ રૂપિયાની ટાટા મેજીક સ્કૂલ વાનનું દાન કરવામાં આવ્યું હતું આ સેન્ટરની ઇમારત સ્થાનિક દાતાશ્રીઓ દ્વારા દાનમાં આપવામાં આવી છે .નવા વાહન (વાન) થી બહુંવિકલાગ  ભૂલકાંઓ સેન્ટર સુધી આવીને તાલીમ પ્રાપ્ત કરશે.

## મહિલાઓને સ્વરોજગાર કીટ સહાય




નિવિયાના બ્રાઝિલિયન એજ્યુકેટીવ શ્રીમતી બેથાનિયાએ સાણંદની ટીમ સાથે બીપીએની મુલાકાત લીધી હતી અને ખૂબ જ ઉદારતાથી ખાસ જરૂરિયાતો ધરાવતી મહિલાઓમાં સ્વ-રોજગાર કીટના વિતરણ માટે નીવિયાના યોગદાન તરીકે તેઓએ 5000 યુરોની રકમનું દાન આપ્યું હતું સાથો સાથ નિવયા છેલ્લા ત્રણ વર્ષથી સરેરાશ પાંચ લાખ રૂપિયાનું દાન કરી રહ્યાં છે આમ બીપીએ ને સતત સમર્થન કરતા નિવયા ટીમનો આભાર બીપીએએ વ્યક્ત કર્યો હતો.

## સિલાઈ મશીનદાન



કે.સી.આર.સી, અંધજન મંડળ, ભૂજ ખાતે શ્રી સુંદરભાઈ ભેડાની જન્મજયંતિ નિમિત્તે સિલાઈ મશીન 11 દિવ્યાંગ મહિલાઓને તા. 02 જાન્યુઆરી 2026નાં રોજ આપવામાં આવ્યા હતા. આ સમયે કચ્છ જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખશ્રી શાંતિલાલ લોહાણા, મહાજનના પ્રમુખશ્રી રાજુભાઈ વેગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

## એમ ઓ યુ સાઇન



ટુ -લર્ન પ્રોગ્રામના લીડર શ્રી ગગનપાલ સિંહે તારીખ 5 ફેબ્રુઆરી 2026 ના રોજ બીપીએ પોરેચા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. વિઝન સ્પીંગે શાળાના બાળકો માટે 3500 ચશ્મા પૂરા પાડવા માટે એક એમ. ઓ .યુ .સાઇન કર્યા હતા.

## ફિઝીયોથેરાપી સાધનોની સહાય



કચ્છી મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા તા.12 જાન્યુઆરી 2022નાં રોજ ઉમંગ ડે કેર સેન્ટર મોડાસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ફિઝીયોથેરાપી સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કચ્છી મહિલા ઉત્કર્ષ સેવા મંડળની બહેનો બીપીએની મુલાકાત લઈ તેઓ તેમનો સમય અને સાધનોનું દાન કરી રહ્યા છે.

## હોપ કમિટી દ્વારા મદદ




બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનની અંદર કાર્યાન્વિત હોપ કમિટી એક ગૃહિણીઓનું એક પ્રેરણાદાયક જૂથ છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી નિસ્વાર્થ પણે સેવા આપી રહ્યા છે તેઓ દૃષ્ટિહિનોને રીડિંગ તેમજ તેઓને જીવનના વિકાસમાં દિવ્યાંગજનોને સશક્ત બનાવવા માટે સંસાધનો એકત્રિત કરીને ઘણા વ્યક્તિઓનું જીવન સમૃદ્ધ કર્યું છે તા.9 જાન્યુઆરી 2026 ના રોજ તેમની સમિતિએ પાંચ લાખના કુલ યોગદાન સાથે 20 રેડિયો પેન ડ્રાઈવ સાથે 37 evo  ઇલેવન રેકોર્ડિંગ અને શૈક્ષણિક ઉપકરણોનું વિતરણ કર્યું હતું

તેઓ એ સમાજના જરૂરીયાત મંદ વયોવૃદ્ધો આશરે 80 ને નિયમિત ભોજન અને કરિયાણાની કીટ પૂરી પાડે છે તેઓ ત્યજી દેવાયેલા બાળકો માટે માનવ જોડાણની ભાવના પણ પ્રદાન કરે છે.

## ગુજરાત આઈએએસ એસોસીએશનની મુલાકાત



ગુજરાત IAS એસોસિએશને તા. 10 જાન્યુઆરી 2026 ના રોજ બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન (BPA) ની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે દિવ્યાંગ ખેલાડીઓને રમતગમતનો સામાન અને એથ્લેટિક કીટનું વિતરણ કર્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય દિવ્યાંગ લોકોમાં રમતગમતમાં વધુ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને શ્રેષ્ઠતાના તેમના પ્રયાસોને ટેકો આપવાનો હતો.
આ મુલાકાત સમાવેશકતા અને સશક્તિકરણ પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેમાં એસોસિએશનના સભ્યોએ રમતવીરો સાથે વાતચીત કરી અને તેમના દૃઢ નિશ્ચય અને સિદ્ધિઓની પ્રશંસા કરી. BPA આ પગલા માટે એસોસિએશનનો આભાર માને છે.

## ઝામર સમજ સેમીનાર









સાઈટ સેવર્સ દ્વારા દૃષ્ટિની કાળજી માટે પૂરું પાડવામાં આવેલ ભંડોળના સહયોગથી રાજ્ય સ્તરીય સેમિનારનું આયોજન બીપીએમાં કરવામાં આવ્યું હતું આ સેમિનાર ઉદ્ઘાટન ગુજરાતના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રીશ્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ તારીખ 7 /3/ 2026 ના રોજ કર્યું હતું , સેમીનારમાં આંખનું નિયમિત નિદાન નિવારણ વ્યૂહ રચનાઓ સરળ સારવાર અને રેફરલ સિસ્ટમને વધુ ગાઢ બનાવવા  અંતર્ગત સેમિનારમાં તજજ્ઞો દ્વારા સંવાદ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં નેત્ર ચિકિત્સકો, જાહેર આરોગ્ય નિષ્ણાતો નીતિવિષયકો પણ ઉપસ્થિત રહ્યા હતા આમ ગ્લુકોમાં (ઝામર)ની સાર સંભાળની જન સમુદાય સ્તરે જાગૃતિ વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું આ ગ્લુકોમાં સેમિનારમાં ગુજરાતના આરોગ્ય કમિશનર શ્રી એનપીસીબી અને વીઆઈના વિશેષ પદાધિકારી શ્રી ડૉ. ઉત્પલ જાનીએ ગ્લુકોમા નિવારણમાં સરકારની અગ્રિમતાની પહેલ વિશે જાણકારી આપી હતી આ સાથે સાઈટ સેવર્સ પ્રોગ્રામ ઓપરેશન્સ ડિરેક્ટર શ્રી જતીન તિવારીએ ગ્લુકોમાં (ઝામર)ને કારણે થતા અંધત્વને રોકવામાં સાઈટ સેવર્સની ભૂમિકા અંતર્ગત ખ્યાલ આપ્યો હતો જ્યારે ગ્લુકોમાં નિષ્ણાતોમાં  ડૉ. વૈશાલી સિંહ, ડૉ. ઉદય ગાજીવાલા દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ થી નેત્ર રોગના નિષ્ણાતોએ  ખ્યાલ આપ્યો હતો સેમિનારમાં સરકારી નીતિ વિષયક અંતર્ગત શ્રી અકબર  મ્હેફુઝ આલમ મેનેજરને સરકારી નીતિ જોડાણ સાઈટ સેવર્સ પેનાલિસ્ટ દ્વારા સંચાલિત પેનલ ચર્ચા પણ કરવામાં આવી હતી તેમાં ડોક્ટર અભિષેક વંશદીયા, ડૉ..ઋતુલ પટેલ  ડૉ.પ્રીતિબેન કામથ, ગ્લુકોમા  નિષ્ણાત,પ સાથે શ્રીમતી નંદીની રાવલ જાહેર આરોગ્ય પરિપેક્ષ્ય ડૉ.પ્રાર્થ શાસ્ત્રી વરિષ્ઠ પત્રકાર રહ્યા હતા.

## સંગીત શિક્ષક સેમિનાર





સંગીત અભ્યાસક્રમ અને પરીક્ષા પેટર્ન ડિઝાઇન કરવા માટે બીપીએના પ્રાંગણમાં બે દિવસીય પરીક્ષા લક્ષી અભ્યાસક્રમ અંતર્ગત અખિલ ભારતીય ગંધર્વ મહાવિદ્યાલય મંડળ, મિરાજ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં ભારતના પશ્ચિમ ભાગના સંગીત શિક્ષકશ્રીઓએ અને સંગીતના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સેમિનાર તારીખ 14 અને 15 માર્ચ 2026 ના રોજ સંગીત તાલીમ પ્રાપ્ત કરતા દિવ્યાંગ ઉમેદવારો માટે સંગીત અભ્યાસક્રમ અને પરીક્ષા પેટર્ન ડિઝાઇન તૈયાર કરવા માટે રાખવામાં આવ્યો હતો.

## ક્ષમતા નિર્માણ લીડરશીપ કાર્યક્રમ



રાવેનશો ભિન્નઆ ખ્યામા વિદ્યાર્થીસંઘ અને રમાદેવી મહિલા યુર્નિવર્સિટી ના સહયોગથી યુનિવર્સિટી ખાતે "અંધત્વ અને અલ્પદ્રષ્ટિ" ધરાવતા વ્યક્તિઓ માટે ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિષય પર બે દિવસનો વર્કશોપ તારીખ 9 અને 10 ફેબ્રુઆરી 2026 ના રોજ યોજાયો હતો જેમાં બીપીએ થી જનરલ સેક્રેટરી શ્રી ડૉ ભુષણ પુનાની, ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ડૉ ભરત જોશી, શ્રી ધર્મેન્દ્ર જેના, શ્રી આરપી સોની ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ઓડિશા સરકારના સામાજિક સુરક્ષા અને દિવ્યાંગોના સશક્તિકરણ વિભાગના ઉપક્રમે યોજાયો હતો મુખ્ય ઉદ્દેશ જ્ઞાન, કૌશલ્ય અને નેતૃત્વ વિકાસ દ્વારા દ્રષ્ટિ ક્ષતિ ધરાવતા વ્યક્તિઓને સશક્ત બનાવવાનો હતો આ કાર્યક્રમ ઓડિસાના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી સંન્યાસી બેહરા અને ઓરિસ્સાના અગ્રણી સામાજિક કાર્યકર શ્રીમતી કલ્પના દાસની સક્રિયતાપથી શક્ય બન્યું હતું આ કાર્યક્રમની આભાર વિધિ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ચંડી ચરણ રથે કરી હતી.

## અભ્યાસક્રમ અનુકૂલન સેમીનાર



સમાવિષ્ઠ શિક્ષણ વિશે અભ્યાસક્રમ અનુકૂલન પર કાર્ય કર્તા AIMS મીડિયાના શ્રી રાકેશઘસમાં અને તેમની ટીમે શૈક્ષણિક હસ્તક્ષેપ ઉકેલો વિકસાવવા માટે ઘણા વર્ષોથી કાર્ય કર્યું છે.

અભ્યાસક્રમ અનુકૂલન સેમિનાર તારીખ 10 જાન્યુઆરી 2026 ના રોજ બીપીએ કેમ્પસમાં યોજાયો તેમાં સેમિનારનું ઉદઘાટન સમગ્ર શિક્ષાના નાયબ નિયામક શ્રીમતી અર્ચનાબેહેને કર્યું હતું આ સેમિનારમાં સમગ્ર શિક્ષા અભિયાન એસએસએ ગુજરાત અને બીપીએ સાથે સંકળાયેલા પુનર્વસન વ્યવસાયિકો અને વિશેષ શિક્ષકો સાથે રહ્યા હતા તેમાં એ AIMSના શ્રી રાકેશ ધમાજીએ વર્કશોપમાં તેમના તારણો તેમની આગવી શૈલીમાં જણાવ્યા હતા સાથે સાથે AIMS મીડિયાના રાકેશજી અને મારિયાજીએ વર્કશોપનું સફળ સંચાલન પણ કર્યું હતું.

## બ્રેઈલ વાંચન-લેખન ક્ષમતા કાર્યક્રમ



NCERTનાં ખાસ જરૂરીયાતો ધરાવતા જૂથોના શિક્ષણ વિભાગ (DEGEN) સામાજિક આર્થિક રીતે વંચિત જૂથો જેમકે SC, ST, અને લઘુમતી તથા અપંગ બાળકોનાં શિક્ષણમાં કાર્ય કરે છે. ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખીને વિભાગે અનુસુચિત જાતિ કેન્દ્રિત વિસ્તારોની શાળાઓમાં શિક્ષણ આપતાં KRP શિક્ષકો માટે બ્રેઈલ વાંચન અને લેખનની ક્ષમતા નિર્માણ કાર્યક્રમ નામનો પ્રોજેક્ટ હાથ ધર્યો, તેમાં NCERT એ બીપીએ ખાતે તા.16-20 ફેબ્રુઆરી 2026 દરમ્યાન પાંચ દિવસનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ CBPનો મુખ્ય ઉદ્દેશ સમાવિષ્ટ શાળાઓમાં પાયાનાં અને પ્રારંભિક તબક્કામાં શિક્ષણ આપતા શિક્ષકોની અંગ્રેજી અને હિન્દી બ્રેઈલ વાંચન અને લેખન ક્ષમતાઓને સંવેદનશીલ બનાવવા અને સુદ્દઢ બનાવવાનો હતો.

## આવકવેરા સ્ટાફ તાલીમ કાર્યક્રમ





દ્રષ્ટિની ખામી ધરાવતાં કર્મચારીઓને ડિજીટલ તાલીમ આપવા માટે આવકવેરા વિભાગે બીપીએનો સહયોગ માંગ્યો હતો. તે અનુસંધાને તારીખ 16 ફેબ્રુઆરી 2026નાં રોજ બીપીએનાં પરિસરમાં એક વિશિષ્ઠ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં NADT નાં પ્રિન્સીપાલ ADG રિતેષ પરમાર, એન.વેંક્ટશ્વાલુ પ્રદિપકુમાર અને જયશ્રી ઐયર સાથે પ્રતિનિધિ મંડળે નૈતૃત્વ કરીને સંકલન કર્યુ હતું. વક્તાશ્રીઓએ તેમની વ્યાવસાયિક ભૂમિકાઓમાં કાર્યક્ષમતા અને સ્વતંત્રતા વધારવા માટે ઉભરતી ડિજીટલ તકનીકોને આત્મવિશ્વાસપૂર્વક અપનાવવા અને તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

## ડિજિટલ પ્રોડક્શન ક્ષમતા તાલીમ





નેશનલ ઇન્સ્ટિટયૂટ ફોર ધએમ્પાવરમેન્ટ ઓફ પર્સનસ વીથ વિઝયુઅલ ડિસેબિલિટીઝ(NIEPVD), દિલ્હી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો તેમાં સુલભ ડિજિટલ પ્રોડક્શન પર ક્ષમતા નિર્માણ અને તાલીમ કાર્યક્રમમાં બીપીએ ટેકનોલોજી લેબના કુંજલ તીરગર અને રાહુલ વાણીયાએ ભાગ લીધો હતો.

## સેવા ફાઉન્ડેશન તાલીમ




સેવા ફાઉન્ડેશન દિલ્હી દ્વારા તારીખ 16 માર્ચ 2026 ના રોજ પ્રાયોજિત તાલીમાર્થીઓની તાલીમમાં હાજર રહેલા પ્રતિનિધિ શ્રીઓએ બીપીએ સંચાલિત બારેજા,વાત્રક ,ભુજની આંખ હોસ્પિટલનું પ્રતિનિધિત્વ સોમીન મૈતિ, અરવિંદસિંહ ,અને શૈલેન્દ્ર આર્યને કર્યું હતું.

## ઓફિસ એટ યોર ડોર પ્રોજેક્ટ





અમદાવાદ શહેરના ડીઇઓ શ્રી રોહિતભાઈ ચૌધરીએ એસ. એસ. સી. અને એચ.એસ.સી બોર્ડની પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિશેષ સુવિધાઓનો સરકારી નિયમોનુસાર હક પ્રાપ્ત થાય તે માટે સંવેદનશીલ અધિકારીશ્રીએ રવિવારની જાહેર રજાના દિવસે પણ પોતાની ઓફિસ ચાલુ રાખી હતી.

તેમણે 23 ફેબ્રુઆરી 2026ના રોજ બીપીએ મીની કામાં માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા ફોર ધ બ્લાઇન્ડની મુલાકાત કરીને તેઓ લેખિત પરવાનગી પત્રો વ્યક્તિગત રીતે સોંપ્યા હતા સાથે સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉપયોગી અભ્યાસ સહાયક સામગ્રી અને સ્ટેશનરી સ્મૃતિ ચિન્હ તરીકે આપી હતી આમ ઓફિસ એટ યોર ડોર પ્રોજેક્ટ તળે ઉત્તમ ઉદાહરણરુપ તેઓ રહ્યાં હતાં.

## સ્પીપા અધિકારી ફાઉન્ડેશન કોર્સ





સરદાર પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન્સ (સ્પીપા)નાંએ અખિલ ભારતીય નાગરિક સેવાઓ અને કેન્દ્રીય નાગરિક સેવાઓના 81 અધિકારીઓનો સામાજિક સેવાઓ મોડ્યુલના ભાગરૂપે તારીખ 13 જાન્યુઆરી 2026 ના રોજ બીપીએ કેમ્પસમાં તાલીમ આયોજિત કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં દ્રષ્ટિના મૂલ્ય સમજ અંતર્ગત આંખો પર પટ્ટી રાખીને તેમજ દિવ્યાંગજનોના કૌશલ્ય વિકાસ સાંકેતિક ભાષા તેમજ દિવ્યાંગતા સંબંધી જાણકારી આપવામાં આવી હતી.

## કમ્પ્યુટર તાલીમ



બીપીએ સ્કુલ ફોર ધ બ્લાઇન્ડના શિક્ષકોને અધ્યતન કમ્પ્યુટર તાલીમ તારીખ 23 ફેબ્રુઆરી 2026 ના રોજ આપવામાં આવી હતી.

## બ્રેઇલ લિપિ કોમ્પ્યુટર કોડિંગ ગણિત તાલીમ



બેંગ્લોરમાં ગણિતના કોમ્પ્યુટર આધારિત કોડિંગ પર તારીખ 23 ફેબ્રુઆરીના રોજ બે દિવસીય તાલીમ કાર્યક્રમ બેંગ્લોરમાં અભ્યાસક્રમ માટે યોજાયો હતો જેમાં ગુજરાત મહારાષ્ટ્ર ઓરિસ્સા, બંગાળ યુ.પી. કર્ણાટકના વિશેષ શિક્ષકોએ ભાગ લીધો હતો તેમાં બીપીએના પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દિનેશભાઈ પંડ્યાએ આ તાલીમી કાર્યકમમા સહભાગી થયા હતા.

## સ્ટાફ તાલીમ



પર્કિન્સ ઇન્ડિયાના શ્રીમતી અર્ચના રાવે તારીખ 24-25 ફેબ્રુઆરી 2026 ના રોજ કે સી.આર.સી ભૂજ ખાતે દ્વિતીય દિવસ સ્ટાફ તાલીમ કાર્યક્રમનું આયોજનમાં સાથે રહ્યાં હતાં

## કિડ્સ સીટી સફર




કે પી એમ જી ના કર્મચારીઓ દ્વારા ખાસ જરૂરિયાત મંદ કેન્દ્રોના બાળકોને કિડ્સ સીટી તા.21 ફેબ્રુઆરી 2026 ના રોજ લઈ જવામાં આવ્યા હતા કે પી એમ જી દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં આ સ્ટાફે બહુવિધ અપંગતા ધરાવતા બાળકો સાથે રહીને દિવસ વિતાવ્યો હતો તેમજ આ ભૂલકાં ઓની વચ્ચે રહીને તેઓ ને સ્વૈચ્છિક સેવા આપી હતી.

## કાર રેલી...




બીપી એના કેમ્પસમાંથી 28મી અમદાવાદ રાઉન્ડ ટેબલ કાર રેલી તારીખ 8 ફેબ્રુઆરી 2026 ના રોજ આયોજિત કરવામાં આવી હતી આ કાર રેલીની અંદર દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓને કાર હરીફાઈના રૂટની બ્રેઇલ લિપિ હાર્ડ કોપી પ્રિન્ટ તેઓને કાર રેલી શરૂ થયાના બે-પાંચ મિનિટ પહેલા આપવામાં આવે છે તેથી તેમના કાર ડ્રાઇવર ને તેઓ રેલીનો રૂટ જણાવી શકે ત્યાર પછી કાર ડ્રાઇવર તેઓના કહ્યાં મુજબ એટલે કે ડાબી દિશા, જમણી દિશા ચાર રસ્તા, મંદિર, ઇમારત, વર્ણન કરતા જાય છે અને કાર ચાલક તે કાર ડ્રાઈવ કરતા તેઓની સૂચનાને ફોલો કરે છે. ખરેખર આ એક અલગ જ ફીલિંગ કાર ચાલકશ્રીને તેમજ દૃષ્ટિહીન વ્યક્તિને કારરેલીના રોમાંચક અનુભવનો  ખ્યાલ પ્રાપ્ત થાય છે આમ  આ કાર રેલીમાં  આ વર્ષે 90 સ્પર્ધકોએ ભાગ લીધો હતો આ કાર રેલીના મુખ્ય પ્રાયોજકો માં ભારત કારનો સમાવેશ હતો આ કાર રેલીની અમદાવાદ મહાનગરના પોલીસ કમિશનર શ્રી જી.એસ મલિકે આઇપીએસ શ્રીએ લીલી ઝંડી બતાવીને કારોને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં વિજેતાઓને એવોર્ડ તેમજ નેવિગેટર્સને  સ્માર્ટ ચશ્મા આપવામાં આવ્યા હતા. આ ઇવેન્ટને વધુ સફળ બનાવવામાં ડો. સૂચિત દાડીયા અને તેમની ટીમનો સહયોગ રહ્યો હતો .



## સેન્ટ ઝેવિયર્સ વાર્ષિકોત્સવ

સેન્ટ ઝેવિયર્સ કોલેજ ખાતે વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો તેમાં ખાસ કરીને દિવ્યાંગજનોને  પ્રવેશ શિક્ષણ અને તેઓની ખાસ દેખભાળનું ઉત્તમ ઉદાહરણ કોલેજે પ્રતિપાદિત કર્યું છે આ કાર્યક્રમમાં બીપીએના એજ્યુકેટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી અનેપ્રાથમિક શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી તારક લુહારે ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કોલેજના દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે સામાન્ય વિદ્યાર્થીઓને સંબોધિત કરીને શિક્ષણમાં પ્રોત્સાહિત કર્યા હતા સેન્ટ ઝેવિયર્સ કોલેજને 300 થી વધુ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને સમાવેશ સ્વીકૃતિનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે તેમજ સમગ્ર કેમ્પસને એક્સેસબલ રીતે સુલભ બનાવીને સાથે સાથે દિવ્યાંગજનોને સત્કાર આપ્યો છે.

## રમતોત્સવ માં વિજેતા





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને તા.13 ફેબ્રુઆરી 2026ના રોજ રમતો ત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં વી.આઇ એ ડી યુનિટમાં શિક્ષણ પ્રાપ્ત કરતા કુશ શર્મા ડિસ્ક થ્રો માં પ્રથમ, વ્યોમ સોની સોફ્ટ બોલ થ્રો માં ત્રીજા  અને અભિજીત મહારાણા રીંગથ્રો માં પ્રથમ આવ્યા હતા. આ હરીફાઈમાં ઉત્સાહથી બાળકોએ ભાગ લીધો હતો તે તમામ બાળકોને અભિનંદન આપ્યા હતા.




## ખેલ મહાકુંભ

ખાસ રમત ગમત મહાકુંભ તારીખ 8 જાન્યુઆરી 2026 ના રોજ યોજાયો હતો તેમાં નિહારિકા ચૌહાણએ બેડમિન્ટનમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

## મહિલા ક્રિકેટ ટીમને અભિનંદન



વાપી ખાતે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બીપીએ ગર્લ્સ ટીમે તારીખ 15 ફેબ્રુઆરી 2026 ના રોજ જીત મેળવી હતી બીપીએ ની મહિલા ટીમને તેમના શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## નાઝ સંકુલ રમતગમત આયોજન



બાવળા અને નાઝ શાળાઓના બાળકો માટે રમતગમત મહોત્સવનું આયોજન તારીખ 19 ફેબ્રુઆરી 2026 ના રોજ કરવામાં આવ્યું હતું તેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો તેમાં વિજેતા બાળકોને ઇનામ આપવામાં આવ્યા હતા આ સાથે તેઓને ભોજન પણ કરાવ્યું હતું.

## શોર્ટ પુટ સ્પર્ધામાં -ગોલ્ડ મેડલ



બિહારના પટણા ખાતે યોજાયેલી રાષ્ટ્રીય રમત ગમત સ્પર્ધા તારીખ 16 માર્ચ 2026 ના રોજ યોજાય હતી તેમાં કુશ હેમાંગકુમાર શર્માએ સ્પર્ધામાં ભાગ લીધો હતો તેઓએ શોટપુટ સ્પર્ધામાં પ્રથમ સ્થાન અને ગોલ્ડ મેડલને રૂપિયાબે લાખનું ઇનામ જીતીને તેમજ જ્વેલિંગ સ્પર્ધામાં બીજુ સ્થાન પ્રાપ્ત કરીને સિલ્વર મેડલ અને ₹1 લાખનું ઇનામ પ્રાપ્ત કરીને ગૌરવશાળી બન્યા છે.




## શોર્ટ પુટ સ્પર્ધામાં -ગોલ્ડ મેડલ

બિહારના પટણા ખાતે યોજાયેલી રાષ્ટ્રીય રમત ગમત સ્પર્ધા તારીખ 16 માર્ચ 2026 ના રોજ યોજાય હતી તેમાં કુશ હેમાંગકુમાર શર્માએ સ્પર્ધામાં ભાગ લીધો હતો તેઓએ શોટપુટ સ્પર્ધામાં પ્રથમ સ્થાન અને ગોલ્ડ મેડલને રૂપિયાબે લાખનું ઇનામ જીતીને તેમજ જ્વેલિંગ સ્પર્ધામાં બીજુ સ્થાન પ્રાપ્ત કરીને સિલ્વર મેડલ ₹1 લાખ રૂ નું ઇનામ પ્રાપ્ત કરીને ગૌરવશાળી રહે છે.

## તરણ સ્પર્ધામાં વિજેતા




તરણ સ્પર્ધકોમાં દ્રષ્ટિક્ષતિ તરણ સ્પર્ધકે પોરબંદર ખાતે યોજાયેલી તરણ સ્પર્ધામાં અતુલ મકવાણાએ એક કિલોમીટરની શ્રેણીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

## જામનગર ચેસ ટુર્નામેન્ટ






જામનગર ખાતે યોજાયેલી ઓલ ગુજરાત બ્લાઇન્ડ ચેસ ટુર્નામેન્ટ તારીખ 18 જાન્યુઆરી 2026 ના રોજ યોજાઇ હતી તેમાં સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતો ધોરણ 12 નો વિદ્યાર્થી ભુવા ધ્રુવ જુનિયર વિભાગમાં ચેમ્પિયન બનતા તેને ટ્રોફી અને રૂ 3000 રૂપિયા રોકડા ઇનામ પ્રાપ્ત થયું હતું .

## ઓપન રેપીડ ચેસ સ્પર્ધા



રાજકોટ ખાતે ઓલ-ઇન્ડિયા ઓપન ફીડ રેપિડ ચેસ સ્પર્ધા (સંયુક્ત) તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાય હતી. આ સ્પર્ધામાં ૪૦૦થી વધુ સ્પર્ધકો હાજર રહ્યાં હતા. તેમાં રાહુલ વાઘેલા અને દર્શન પંડ્યા વિજેતા રહ્યાં હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ચેસ સ્પર્ધા






ચિલ્ડ્રન્સ યુર્નિવર્સિટી ગાંધીનગર દ્વારા આયોજિત ઓલ ઇન્ડિયા રેટિંગ ચેસ ચેમ્પિયનશિપમાં કુલ એક હજાર ચેસ સ્પર્ધકોએ ચેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો આ સ્પર્ધા તારીખ 28 /3 /2026 ના રોજ વીર સાવરકર સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં યોજાઇ હતી તેમાં બીપીએના દ્રષ્ટિહીન  ત્રણ ચેસ સ્પર્ધકોએ રેટિંગ ચેસ ચેમ્પિયનશિપમાં ભાગ

## 19મી રાષ્ટ્રીય ચેસ સ્પર્ધા










બેંગ્લોરમાં તારીખ 8 થી 12 ફેબ્રુઆરી દરમ્યાન યોજાયેલ 19મી રાષ્ટ્રીય ચેસ ચેમ્પિયનશિપ યોજાઇ હતી તેમાં રાહુલ વાઘેલા સિનિયર ખેલાડીઓની નજીક રમીને દસમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું જ્યારે દર્પણે સાતમું અને અશ્વિને આઠમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

**BPA Bulletin is issued every quarter**

Phone Fax :(079)26305082, 26304070

Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com

Website : : www.bpaindia.org

All donations exempted under Section 80G of the Income Tax Act, 1961

Printed and Issued by: Blind People's Association, Ahmedabad-380 015. Editor: Mrs. Nandini Rawal,

**ONLINE SUPPORT**

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.org

GlobalGiving https://tinyurl.com/33jcm3j4

blind_peoples_association

bpaindia1

bpaindia - Blind People's Association (INDIA)

@bpa_ind